## લગ્ન કરાવી આપવાના બહાને 3 લાખ પડાવનારનાં જામીન નામંજૂર

સુરત: સુરતમાં લગ્ન કરાવવાની ખાતરી આપી 3 લાખ પડાવવાના કેસમાં વલસાડના મગરવાડીના હિતેશ ઉર્ફે રાહુલ ઉર્ફે રસીક રતિલાલ કાપડિયા નામના શખ્સની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે. આરોપી વિરુદ્ધ કરજ પોલીસ સ્ટેશનમાં BNSની કલમ ૩૧૮(૪) અને ૫૪ હેઠળ ગુનો નોંધાયો હતો અને તે ગત ૪ ઓગસ્ટથી જેલમાં કેદ છે. બચાવ પક્ષે આરોપી નિર્દોષ હોવાની દલીલ કરી હતી, જ્યારે સરકારી વકીલ મુંજાલ બ્રહ્મભટ્ટે કાવતરામાં તેની પ્રથમદર્શનીય સક્રિય સંડોવણી હોવાનો વિરોધ નોંધાવ્યો હતો. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે અરજી ફગાવી હતી.

## ડિંડોલીમાં બિલ્ડિંગમાં સુપરવિઝન કરતા વૃદ્ધ પર લોખંડની ગ્રીલ પડતાં મોત

સુરત: ડિંડોલીના પ્રયોશા જ્વેલ-સી કન્સ્ટ્રક્શન સાઈટ પર સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા મૂળ મહેસાણાના 68 વર્ષીય કરશનભાઈ લલ્લુભાઈ પટેલ ગ્રાઉન્ડ ફ્લોર પર કામની દેખરેખ રાખી રહ્યા હતા. તે દરમિયાન અચાનક 12મા માળેથી લોખંડની ગ્રીલ તેમની ઉપર પડતાં ગંભીર ઈજા થતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડતા સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ મામલે ડિંડોલી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રૂ.૨.૪૪ કરોડની ઠગાઈમાં આરોપીનાં જામીન નામંજૂર

સુરત: સુરત મહાનગર પાલિકામાં નોકરી અને આવાસમાં ઘર અપાવવાના નામે ૧૭ લોકો સાથે રૂપિયા ૨.૪૪ કરોડની ઠગાઈ આચરનાર જનાદેશના અખબારના રાજેન્દ્ર દિનકર ચૌધરીની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. ખટોદરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગુનામાં આરોપીની ગત ૧૯ ઓગસ્ટે ધરપકડ કરવામાં આવી હતી અને તપાસ આર્થિક ગુના નિવારણ શાખા કરી રહી છે. સરકારી વકીલ અને મૂળ ફરિયાદીના વકીલના વિરોધ બાદ, કોર્ટે પુરાવા સાથે ચેડાં થવાની શક્યતાને ધ્યાને રાખી મહત્ત્વનો આદેશ આપ્યો છે.

## સચિનમાં નોકરી પર જતી મહિલાનું ટ્રેન અડફેટે મોત

સુરત: સચિન જીઆઈડીસીમાં રહેતી અને મજૂરી કરતી યુપીની અને હાલ પાલીમાં રહેતી અંજુ ક્રિષ્ણા મિશ્રા (ઉ.વ. ૩૫) ગત સવારે નોકરી પર જતી વખતે સચિન રેલવે સ્ટેશન નજીક ડીએફએસ લાઈન ક્રોસ કરતી વેળાએ ટ્રેનની ટક્કરે ગંભીર ઈજા પામી હતી. નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન રાત્રે તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

## ચેક રિટર્ન કેસમાં પલસાણાના વેપારીને સજા

સુરત: ચેક રિટર્નના બે કેસમાં પલસાણાનાં વેપારી દયાશંકર (ભવાની એક્સપોર્ટ)ને એક એક વર્ષની સજા કોર્ટે ફટકારી ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો.આરોપી વિરુદ્ધ ધરપકડ વોરંટ ઈસ્યુ કરાયું હતું. આરોપી વિરુદ્ધ સાગર દોમડીયાએ રૂ.૧૩.૭૫ લાખ અને જયદીપ ડુંગરાણીએ ૭.૪૭ લાખનાં ચેક રિટર્નની ફરિયાદ વકીલ પાર્થ લખાણી, ચંદ્રેશ પીપળીયા મારફતે કરી હતી.

## અમરોલીમાં રીઢો આરોપી પિસ્તોલ સાથે ઝડપાયો

સુરત: સુરત ક્રાઇમ બ્રાન્ચે અમરોલીના વરિયાવ બ્રિજ પાસેથી રીઢા ગુનેગાર કોસાડ આવાસના સંજય રાઠોડને લોડેડ દેશી પિસ્ટલ અને ૩ કારતૂસ સાથે ઝડપી પાડ્યો છે. આરોપીએ આ હથિયાર પાંચ વર્ષ પહેલાં રાહુલ નામના યુવક પાસેથી ખરીદ્યું હતું. તેની સામે અગાઉ અમરોલી અને કતારગામ પોલીસ મથકમાં મારામારી, દુષ્કર્મ અને પોક્સો સહિતના ગંભીર ગુના નોંધાયેલા છે.

---

**વાવાઝોડા સાથે ભારે વરસાદ પડતાં ઉતરાણ કરવું શક્ય નહીં બનતાં**

# મુંબઈની 9 ફ્લાઈટ સુરત ડાયવર્ટ

**તમામ** ફ્લાઇટ પાર્કિંગ એરિયામાં મોકલાઇ, 2500 વણનોતર્યા મહેમાનોના રિફ્રેશમેન્ટની વ્યવસ્થા કરાઇ



સુરતઃ મુંબઈમાં વાવાઝોડા સાથે વરસાદ અને પ્રતિકૂળ હવામાનની સ્થિતિને પગલે મુંબઈ જતી 9 ફ્લાઈટ્સ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થઈ હતી.

મુંબઈથી ડાયવર્ટ થયેલી તમામ ફ્લાઈટને પાર્કિંગ એરિયામાં મોકલાઈ, 2500 વણનોતર્યા મહેમાનોના રિફ્રેશમેન્ટની વ્યવસ્થા કરવામાં આવી હતી. સુરત એરપોર્ટ પર ડાયવર્ટ થયેલી ફ્લાઈટ્સના સંચાલન માટે જરૂરી વ્યવસ્થાઓ તાત્કાલિક સક્રિય કરવામાં આવી હતી. એરલાઈન્સ, CISF, ATC, ગ્રાઉન્ડ હેન્ડલિંગ સહિતની સંબંધિત એજન્સીઓ સાથે સંકલન કરીને મુસાફરો અને વિમાનોના સલામત તથા સુચારુ સંચાલનની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

મહત્ત્વની બાબત એ છે કે ડાયવર્ટ થયેલી વધારાની ફ્લાઈટ્સના સંચાલન વચ્ચે પણ સુરત એરપોર્ટની નિયમિત ફ્લાઈટ સેવાઓ રાબેતા મુજબ ચાલુ રહી હતી. વધારાના એર ટ્રાફિકને સંભાળવાની સુરત એરપોર્ટની ક્ષમતા તેની માળખાકીય સુવિધાઓ અને ઓપરેશનલ તૈયારીને પણ દર્શાવે છે. એરપોર્ટ ટીમ દ્વારા મુસાફરોની સુવિધા, વિમાનોનું સલામત સંચાલન અને ફ્લાઈટ ઓપરેશનમાં સતતતા જળવાઈ રહે તે માટે કામગીરી કરવામાં આવી રહી છે. મુંબઈના હવામાનની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને વધુ ફ્લાઈટ્સ ડાયવર્ટ થાય તો તેને પણ સંભાળવા માટે સુરત એરપોર્ટ તૈયાર હોવાનું જણાવાયું છે.

### સુરત એરપોર્ટ પર ડાયવર્ઝનનો નવો રેકોર્ડ

એક જ ઘટનામાં સુરત એરપોર્ટ પર ડાયવર્ટ થયેલી ફ્લાઇટ્સની સંખ્યાએ અગાઉનો રેકોર્ડ વટાવ્યો છે. અગાઉ 2 જૂન, 2026ના રોજ અમદાવાદમાં ખરાબ હવામાનને કારણે 7 ફ્લાઇટ્સ સુરત ડાયવર્ટ કરવામાં આવી હતી. તેની સરખામણીએ મંગળવારે 9 ફ્લાઇટ સુરત આવતા એક નવો આંકડો નોંધાયો છે. ઉપરાંત એક ખાનગી એક્રાફ્ટ પણ ઉતર્યું હતું. વધારાની ફ્લાઇટ્સનું સંચાલન થતા સુરત એરપોર્ટની ઓપરેશનલ ક્ષમતાની પણ કસોટી થઇ હતી.

### મુંબઈ જઈ રહેલી અને સુરત એરપોર્ટ ડાયવર્ટ થયેલી ફ્લાઇટ્સ

**એરલાઇન/ ફ્લાઇટ રૂટ**

(1)ઇન્ડિગો -તિરુચિરાપલ્લી-મુંબઈ
(2) ઇન્ડિગો -દિલ્હી-મુંબઈ
(3) એરઈન્ડિયા - દિલ્હી-મુંબઈ
(4) ઇન્ડિગો - ચેન્નાઈ-મુંબઈ
(5) એર ઇન્ડિયા - ગોવા-મુંબઈ
(6) એર ઇન્ડિયા - ચેન્નાઈ-મુંબઈ
(7) ઇન્ડિગો– ભોપાલ-મુંબઈ
(8) ઇન્ડિગો –બેંગલુરુ-મુંબઈ
(9) ઇન્ડિગો –કોઈમ્બતૂર-મુંબઈ
(10) ખાનગી એરક્રાફ્ટ

---

### હડતાળ વચ્ચે લેન્ડ રેકર્ડના કર્મચારીઓનો રક્તદાન કેમ્પ



વર્ગ-૩ સર્વેયર તથા સિનિયર સર્વેયરના ગ્રેડ-પે સુધારા સહિતના પડતર પ્રશ્નોને લઈને લેન્ડ રેકર્ડ વર્ગ-૩ કર્મચારી મંડળ દ્વારા હડતાળ ચાલી રહી છે. આ હડતાળ વચ્ચે કર્મચારીઓ દ્વારા સામાજિક જવાબદારી નિભાવતા આજે પ્રધાનમંત્રીના સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રક્તદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરતના નાનપુરા સ્થિત બહુમાળી ભવનના એ બ્લોક ખાતે યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં લેન્ડ રેકર્ડ વર્ગ-૩ કર્મચારીઓ તેમજ અન્ય કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન ૫૦થી વધુ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. લેન્ડ રેકર્ડ વર્ગ-૩ કર્મચારી મંડળના જણાવ્યા મુજબ, વર્ગ-૩ સર્વેયર અને સિનિયર સર્વેયરના ગ્રેડ પે સુધારા સહિતના પ્રશ્નો અંગે સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી છે અને આ પ્રશ્નોના ઉકેલની માંગ સાથે હડતાળ ચાલી રહી છે. **(તસવીર : સતીષ જાદવ)**

---

## ફેમિલી કોર્ટમાં ગેરવર્તન કરનાર મહિલા 'ટાઉટ' સામે ફરિયાદ

**હેમા** શર્મા (ટાઉટ) નામની મહિલા વકીલોને ધમકાવે છે

સુરતઃ સુરત ફેમિલી કોર્ટમાં પ્રેક્ટિસ કરતી મહિલા વકીલો સાથે ખરાબ વર્તન કરવા, અસભ્ય ભાષા વાપરવા અને ધમકી આપવાની ગંભીર ફરિયાદ સુરત બારને ફેમિલી કોર્ટમાં પ્રેક્ટિસ કરતાં મહિલા વકીલોએ કરી છે. જે મુદ્દે આવતીકાલે ઈન્ટરનલ કમ્પ્લેન્ટ વૃમન કમિટીના ચેરમેન ફેની પટેલે બેઠક બોલાવી છે. બારને કરાયેલી રજૂઆતમાં જણાવ્યું છે કે હેમા શર્મા (ટાઉટ) નામની વ્યક્તિ અવારનવાર ફેમિલી કોર્ટમાં આવે છે અને અસીલોને ખોટી સલાહ આપી વકીલો વિષે ખોટી અને ભ્રામક વાતો ફેલાવે છે. તા. ૧૮/૦૬/૨૦૨૬ કોર્ટમાં કામકાજ દરમિયાન હેમા શર્માએ ત્યાં બેઠેલા એક વકીલને ધક્કો મારી નફ્ફટાઈભર્યો જવાબ આપ્યો હતો. તા. ૦૨/૯/૨૦૨૬ બપોરના સમયે એક વકીલ તેમના અસીલ સાથે વાતચીત કરી રહ્યા હતા ત્યારે હેમા શર્માએ ત્યાં આવીને દાદાગીરી શરૂ કરી હતી. તેમણે વકીલોને ધમકાવતા કહ્યું હતું કે, હું આની સાથે વાત કરું છું, તમે બધા વચ્ચે શું કામ પડો છો? તમારા વકીલોથી કઈ થતું નથી, કઈ ઉપજતું નથી અને અવારનવાર અસીલોને લઈ કોર્ટમાં સબમિશન પણ કરતાં હોવાની બાબત રજૂઆતમાં જણાવાઈ હતી. આ પ્રકારની દાદાગીરી અને અસભ્ય વર્તનના કારણે કોર્ટમાં પ્રેક્ટિસ કરતાં વકીલોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મહિલા વકીલો દ્વારા સુરત બાર એસોસિએશનને આ મામલે સત્વરે યોગ્ય અને કડક પગલાં ભરવા માટે રજૂઆત કરવામાં આવી છે.

## 23 લાખના હીરા લઈ ગયા બાદ દલાલે આત્મહત્યા કરી

**કામરેજના** હીરા વેપારી સાથે રૂ.22.97 લાખની છેતરપિંડી

સુરતઃ મૂળ સુરેન્દ્રનગરના અને હાલ કોસમાડા કામરેજ સ્થિત શિવ ફાર્મ સોસાયટીમાં રહેતા 50 વર્ષીય મહેશભાઈ ડાભી 25 વર્ષથી હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને માનગઢ ચોક ખાતે પ્રિન્સેસ પ્લાઝામાં 'માનસી ડાયમ' નામે ઓફિસ ધરાવે છે. તેમજ વિનાયક ચોક, એલ.એચ. રોડ ખાતે હીરાનું કારખાનું ચલાવે છે. પુત્ર તરંગ પણ પિતાની સાથે હીરાના વ્યવસાયમાં છે.

ફરિયાદ મુજબ, લાલજીભાઈ ઉર્ફે લલીતભાઈ રાઠોડ હીરા દલાલીનું કામ કરતા હોવાથી વર્ષોથી મહેશભાઈ પાસેથી હીરા વેચાણ માટે લઈ જતા હતા. હીરા આપતી વખતે જાંગડ બનાવવામાં આવતી અને લાલજીભાઈ તેની સહી કરી આપતા હતા. બાદ હીરાનું વેચાણ થયા પછી ખરીદનાર વેપારીની વિગતો આપીને બીલ બનાવડાવતા હતા. આ વ્યવહાર બદલ મહેશભાઈ તેમને એક ટકા દલાલી ચૂકવતા હતા. વર્ષોથી ચાલતા વ્યવહારને કારણે લાલજીભાઈ પર વિશ્વાસ બેસી ગયો હતો.

તા.8 જૂન 2026ના રોજ બપોરે લાલજીભાઈ મહેશભાઈની ઓફિસે આવ્યા હતા અને તરંગને હીરા ખરીદનાર પાર્ટી હોવાનું જણાવી હીરા આપવા કહ્યું હતું. તરંગે બજારના નિયમ મુજબ છ ટકા બાદ કરીને રૂ.22,97,294ની કિંમતના હીરા લાલજીભાઈને આપ્યા હતા. આ અંગે જાંગડ બનાવાઈ હતી અને લાલજીભાઈએ તેમાં સહી કરી હતી. હીરા પાર્ટીને બતાવીને પરત આવવાનું કહી તેઓ હીરા લઈ નીકળી ગયા હતા. બીજા દિવસે મહેશભાઈએ લાલજીભાઈને ફોન કરતાં તેમના પુત્રએ ફોન ઉપાડી લાલજીભાઈ હોસ્પિટલમાં હોવાનું જણાવ્યું હતું. બાદ તા.11 જૂને લાલજીભાઈએ આત્મહત્યા કરી હોવાનું મહેશભાઈને જાણવા મળ્યું હતું. જોકે, તેમની પાસેથી લેવામાં આવેલા હીરા કે હીરાની રકમ પણ ચૂકવવામાં આવી નથી. આથી મહેશભાઈએ લાલજીભાઈ ઉર્ફે લલીતભાઈ રાઠોડ સામે હીરા દલાલ તરીકે વિશ્વાસ કેળવી રૂપિયા 22,97,294ના હીરા લઈ જઈ પરત નહીં આપતાં ગુનાહિત વિશ્વાસઘાત અંગે કાયદેસરની ફરિયાદ કરી છે. પોલીસે ફરિયાદના આધારે હીરાના વ્યવહાર, જાંગડ, સહી તેમજ હીરા કયા વેપારીને વેચવાના હતા તે સહિતની વિગતો અંગે તપાસ હાથ ધરી છે.

## કતારગામમાં તપેલા ડાઈંગ સામે કોઈ કાર્યવાહી નહીં

**ઉધના**-લિંબાયતમાં અગાઉના સરવે-નોટિસ બાદ પણ કાર્યવાહી અધૂરી રહી હોવાનો ટ્રેક રેકોર્ડ કતારગામે જાળવ્યો?

સુરત : સુરતની ટેક્સટાઈલ નગરીમાં ગેરકાયદે તપેલા ડાઈંગનું દૂષણ દિનપ્રતિદિન વકરી રહ્યું છે. કતારગામ ઝોનના નાની બહુચરાજી સહિતના વિસ્તારોમાં ધમધમતાં તપેલા ડાઈંગ એકમો દ્વારા કેમિકલયુક્ત અને દુર્ગંધ મારતું પ્રદૂષિત પાણી મનપાની ડ્રેનેજ લાઈનમાં ખુલ્લેઆમ ઠાલવવામાં આવી રહ્યું છે. આ ગંદુ પાણી રસ્તાઓ પર ફરી વળતા રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. સ્થાનિકોની ફરિયાદોને પગલે તાજેતરમાં આરોગ્ય વિભાગે સર્વે હાથ ધરીને અંદાજે 274 તપેલા ડાઈંગ એકમોને નોટિસ ફટકારી હતી. આ નોટિસોની મુદત પૂર્ણ થઈ ગઈ છે અને તંત્ર દ્વારા અહેવાલ પણ તૈયાર કરી દેવાયો છે. તેમ છતાં, આગળની કોઈ નક્કર કાર્યવાહી હાથ ન ધરાતાં રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અગાઉ ઉધના અને લિંબાયત ઝોનમાં પણ આવા એકમો સામે સર્વે કરીને નોટિસ અને સિલિંગની કાર્યવાહી કરાઈ હતી, પરંતુ કડક ફોલોઅપના અભાવે પરિસ્થિતિ જ્યાંને ત્યાં રહી હતી. કતારગામમાં પણ માત્ર કાગળ પર નોટિસો આપીને સંતોષ માનવામાં આવશે તો અગાઉના કિસ્સાઓની જેમ આ પ્રશ્ન પણ પડતર રહેશે. સ્થાનિકોની માંગ છે કે તંત્ર માત્ર નોટિસને બદલે પ્રદૂષણ ફેલાવતાં આવાં એકમો સામે સખત પગલાં ભરે.

---

## પાલનપુરના મંગલપુષ્પ એપાર્ટમેન્ટના ફ્લેટનો સ્લેબ અચાનક તૂટી પડ્યો

**પરિવારના** પાંચ સભ્યનો બચાવ, ફાયર વિભાગને ત્રણ કલાકે જાણ કરાઈ



સુરતઃ પાલનપુર ખાતે આવેલા મંગલપુષ્પ એપાર્ટમેન્ટના 'ડી' વિંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર સ્થિત ફ્લેટના બેડરૂમની સ્લેબનો સિમેન્ટનો ભાગ અચાનક ધડાકાભેર તૂટી પડ્યો હતો. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને જરૂરી કામગીરી હાથ ધરી હતી.

સબ ફાયર ઓફિસર વાનખેડેના જણાવ્યા અનુસાર આ દુર્ઘટના બની હોવાની માહિતી ફાયર વિભાગના કંટ્રોલ રૂમને ઘટનાના આશરે ત્રણ કલાક બાદ આપવામાં આવી હતી. જાણ થતાં જ ફાયર બ્રિગેડના જવાનોએ સ્થળ પર પહોંચીને ફ્લેટ તેમજ આસપાસના વિસ્તારનું કાળજીપૂર્વક સ્થળ નિરીક્ષણ કર્યું હતું. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, જે સમયે બેડરૂમની સ્લેબ તૂટી પડી ત્યારે પરિવારના પાંચેય સભ્યો ઘરના અન્ય રૂમમાં હાજર હોવાથી સહીસલામત બચી ગયા હતા. ફાયર વિભાગની ટીમે સ્લેબ કયા કારણોસર ધરાશાયી થયો તે અંગે અને ફ્લેટની હાલની જર્જરિત સ્થિતિ અંગે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. અચાનક બનેલી આ ઘટનામાં મોટી દુર્ઘટના ટળી જતાં પરિવારજનો અને આસપાસના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ગોપીપુરામાં જર્જરિત મકાનની દીવાલનો ભાગ તૂટી પડયો

સુરતઃ ગોપીપુરા મોમનાવાડ વિસ્તારમાં બપોરે એક જર્જરિત મકાનનો દીવાલનો ભાગ તૂટી પડ્યો હતો. બનાવની જાણ ફાયર કંટ્રોલને કરાતાં નવસારી બજાર ફાયર બ્રિગેડની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી. સબ ફાયર ઓફિસર રાજેશ દેશમુખના જણાવ્યા મુજબ મંગળવારે બપારે ગોપીપુરા સ્થિત મોમનાવાડ ખાતે ગ્રાઉન્ડ પ્લસ બે માળના મકાનમાં અંદાજે 5થી 6 ફૂટ જેટલી દીવાલનો ભાગ ધડાકાભેર તૂટી પડ્યો હોવાનો કોલ મળ્યો હતો. દીવાલ પડવાનો અવાજ આવતાં લોકો એકત્ર થઈ ગયા હતા. ફાયર બ્રિગેડની ટીમે વિસ્તારનો રસ્તો કોર્ડન કરી દીધો હતો. દરમિયાન બિલ્ડિંગ ઈન્સ્પેક્શનની ટીમ પણ આવી પહોંચતા મકાનનો કબજો તેમને સોંપી ફાયરની ટીમ પરત ફરી હતી. જોકે, મકાન બંધ હોવાથી ઈજા કે જાનહાનિ થઈ ન હતી.

## ગોડાદરામાં "ઈન્સ્ટાગ્રામ" ઉપર જાહેરાત જોઈ નકલી નોટો લાવનાર ઝડપાયો

**30** હજાર અસલી રકમ ચૂકવી રૂપિયા 1 લાખની નકલી ચલણી નોટો મેળવી હતી

સુરત : ગોડાદરા પોલીસ સ્ટેશનના સ્ટાફને બાતમી મળી હતી કે એક ઈસમ નકલી ચલણી નોટો સાથે ફરે છે. બાતમીના આધારે પોલીસે દેવધગામ ચાર રસ્તા પાસે રાત્રે વોચ ગોઠવી મૂળ રાજસ્થાન અને હાલ પુણાગામ સ્થિત સીતારામ સોસાયટી વિભાગ -3માં રહેતા અને મૂળ રાજસ્થાનના રમેશ ઉર્ફે જીગા જસરાજજી (જાલમ) લોહાર (ઉ.વ. ૨૫) ને અટકાવી બેગની તપાસ કરી હતી. જેમાંથી રૂ.500ના દરની કુલ 165 નકલી નોટો (કિં.અંદાજે રૂ.82,500) મળી હતી. પ્રાથમિક તપાસમાં આ નોટો સામાન્ય કલર ઝેરોક્ષ મશીનથી અને હલકી ગુણવત્તાના કાગળ પર છાપેલી હોવાનું જણાયું હતું. પોલીસની પૂછપરછમાં રમેશે કબૂલાત કરી હતી કે, તેણે ઈન્સ્ટાગ્રામ પર 'નકલી નોટ માટે સંપર્ક કરો' તેવી જાહેરાત જોઈ હતી. આ જાહેરાતમાં આપેલા નંબર પર સંપર્ક કરતા તેને 'એક અસલી નોટના બદલામાં ત્રણ નકલી નોટ' આપવાની લાલચ આપવામાં આવી હતી.

આ લાલચમાં આવીને ગત તા. 17 ઓગસ્ટે રમેશ પોતાના પિતરાઈ ભાઈ મુકેશ ભગવતીલાલ લોહાર અને મિત્ર તુલસીરામ સાથે આસામના ગૌહાટી ગયો હતો. ત્યાં જઈને તેણે રૂપિયા 30 હજાર અસલી રકમ ચૂકવીને રૂ. 1 લાખની નકલી ચલણી નોટો મેળવી હતી.

### પોલીસની ટીમ આસામ રવાના

ગૌહાટીથી નકલી નોટો લઈને રમેશ સુરત પરત ફર્યો હતો અને રોજિંદા વ્યવહારમાં આ નોટો વટાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તે પહેલાં જ પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. પોલીસે આ કેસમાં કડક કાર્યવાહી કરી નકલી નોટો લાવવા માટે સાથે ગયેલા તેના પિતરાઈ ભાઈ મુકેશ ભગવતીલાલ લોહારની પણ ધરપકડ કરી છે. ડીસીપી કાનન દેસાઈ અને પીઆઈ બી.ડી. ગોહિલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે.એસ. રામાનંદીની ટીમ દ્વારા સોશિયલ મીડિયા પર આ નકલી નોટનું રેકેટ ચલાવનાર મુખ્ય સૂત્રધાર અને સપ્લાયર સુધી પહોંચવા માટે પોલીસની એક ટીમ આસામ રવાના કરવામાં આવી છે અને આગળની સઘન તપાસ ચાલી રહી છે.

---

## બિટકોઈન-ખંડણી કેસમાં પોલીસ ટોર્ચરની આરોપીની ફરિયાદ રદ

**વર્ષ** ૨૦૧૮માં આરોપી નિકુંજ ભટ્ટ સામે સીઆઈડી ક્રાઈમ સુરત ઝોને ગુનો નોંધ્યો હતો

સુરતઃ સુરતની કોર્ટમા ચાલતા એક ચર્ચિત ક્રિમિનલ કેસમાં સુરતના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા આરોપી નિકુંજ પ્રવીણભાઈ ભટ્ટની પોલીસ અત્યાચાર (થર્ડ ડિગ્રી ટોર્ચર) અંગેની ફરિયાદ પુરાવાના અભાવે રદ્દ કરી દેવાઈ હતી.

આરોપીએ શરૂઆતમાં કરેલી અરજી અને સોગંદનામા પર તપાસ દરમિયાન આપેલા નિવેદનોમાં વિરોધાભાસ જોવા મળ્યો હતો. શરૂઆતની ફરિયાદમાં અમુક જ પોલીસકર્મીઓના નામજોગ ઉલ્લેખ હતા, જ્યારે પાછળથી સોગંદનામામાં અન્ય અધિકારીઓ અને વધારાની હકીકતો જોડી દેવામાં આવી હતી, જે કોર્ટને શંકાસ્પદ જણાઈ હતી.

અગાઉ આ કેસમાં પોલીસ રિમાન્ડ દરમિયાન આરોપીએ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂઆત કરી હતી કે પોલીસ દ્વારા તેને માર મારવામાં આવ્યો છે. આરોપીએ પોલીસ અધિકારી સોનેરી, આહિર, બારડ સહિત ઉપર આક્ષેપ કર્યો હતો. ત્યારબાદ કોર્ટે કાયદેસરની પ્રક્રિયા હાથ ધરી આ મામલે તપાસ અને સુનાવણી હાથ ધરી હતી.

સુનાવણી બાદ કોર્ટે દસ્તાવેજો અને સંજોગોને ધ્યાનમાં લઈ સ્પષ્ટ કર્યું હતું કે જ્યારે ફરિયાદી પોતે જ મેડિકલ સારવાર ન લેવાની વાત સ્વીકારતો હોય અને તેની શરૂઆતની ફરિયાદ તથા પાછળના નિવેદનોમાં વિરોધાભાસ હોય, ત્યારે થર્ડ ડિગ્રી ટોર્ચરના આક્ષેપો પુરવાર થતા નથી.

## રાંદેરની સોસાયટીના રૂમમાં ચાલતા જુગારધામ પર પોલીસનો દરોડો

**કતારગામ**, રાંદેર અને કાપોદ્રાના ૫ નોકરિયાત યુવકો જુગાર રમતા રંગેહાથ પકડાયા

સુરત : રાંદેર વિસ્તારમાં આવેલી મણિનગર સોસાયટીના એક ભાડાના રૂમમાં ધમધમતા જુગારધામ પર રાંદેર પોલીસે સફળ દરોડો પાડી પત્તા-પાના વડે હાર-જીતનો જુગાર રમતા ૫ જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે. બાતમીના આધારે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં પોલીસે રોકડા રૂપિયા ૪૫,૦૦૦, ૫ સ્માર્ટફોન અને ૨ મોપેડ વાહનો મળીને કુલ રૂપિયા ૨,૧૩,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાંદેર પોલીસ મથકના પોલીસ કોન્સ્ટેબલ વિક્રમભાઈ હરીભાઈ અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે રાંદેર સ્થિત ગાયત્રી સર્કલ પાસે આવેલી મણીનગર સોસાયટીના ઘર નંબર ૧૫ ના એક ભાડાના રૂમમાં કેટલાક શખ્સો એકઠા થઈ પત્તા-પાના વડે પૈસાની હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસ ટીમે આકસ્મિક દરોડો પાડતાં રૂમમાં જુગારની મહેફિલ જામી હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે સ્થળ પરથી કાનજીભાઈ લીરાભાઈ ચૌધરી (ઉ.વ. ૩૪, રહે. કુબેરનગર વિભાગ-૧, કતારગામ), અરવિંદભાઈ હરીભાઈ ચૌધરી (ઉ.વ. ૨૯, રહે. કુબેરનગર વિભાગ-૧, કતારગામ), ધર્મેશપુરી ચમનપુરી ગૌસ્વામી (ઉ.વ. ૨૯, રહે. સુમન એકતા આવાસ, રાંદેર), આંબાભાઈ નાથાભાઈ કરવટ (ઉ.વ. ૨૭, રહે. પવિત્રા રેસિડેન્સી, ઉગત, રાંદેર) તથા પાર્થ મહેશભાઈ ઘાટલીયા (ઉ.વ. ૨૧, રહે. ભગવતી નગર, કાપોદ્રા)ને જુગાર રમતા રંગેહાથ પકડી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી દાવ પરથી રૂપિયા ૨,૨૦૦ તથા આરોપીઓની અંગઝડતીમાંથી રૂપિયા ૪૨,૮૦૦ મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી. આ ઉપરાંત રૂપિયા ૬૮,૦૦૦ ની કિંમતના ૫ નંગ સ્માર્ટફોન, રૂપિયા ૧,૦૦,૦૦૦ ની કિંમતના ૨ નંગ મોપેડ વાહનો, ગંજીપત્તાની કેટ તથા લાઈટ બિલ મળી કુલ રૂપિયા ૨,૧૩,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રાંદેર પોલીસે પાંચેય આરોપીઓ વિરૂદ્ધ જુગારધારા કલમ ૪ અને ૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઉમરવાડાના કાપડ વેપારી સાથે રૂ.૯૫.૨૪ લાખની છેતરપિંડી

**શરૂઆતમાં** સમયસર પેમેન્ટ ચૂકવી વિશ્વાસ કેળવ્યા બાદ દલાલ અને વેપારી છૂ થઈ ગયા

સુરતઃ સુરતના ઉમરવાડા વિસ્તારમાં 'ભોજલ વીવઝ' અને 'ભોજલ ટેક્સટાઈલ'ના વેપારી સાથે ૯૫,૨૪,૧૩૪ રૂપિયાની છેતરપિંડીનો મોટો કિસ્સો સામે આવ્યો છે. શરૂઆતમાં સમયસર પેમેન્ટ ચૂકવી વિશ્વાસ કેળવ્યા બાદ દલાલ અને વેપારી છૂ થઈ ગયા હતા.

સરથાણા વિસ્તારમાં રહેતા અને કુબેરજી પ્લાઝામાં ગ્રે કાપડનો વેપાર કરતા ૩૩ વર્ષીય હાર્દિકભાઈ ગીનોયાની ઓફિસે ભાવિન નામના દલાલે આવીને 'પ્રગતિ ટેક્સટાઈલ'ના પ્રોપ્રાયટર મહેન્દ્ર પ્રતાપસિંહ માટે કાપડ ખરીદવાની વાત કરી હતી. આરોપીઓએ શરૂઆતમાં નાના ઓર્ડર આપી, સમયસર પેમેન્ટ ચૂકવીને વેપારીનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો.

ત્યારબાદ પૂર્વ આયોજિત કાવતરા હેઠળ તા. ૧૫ એપ્રિલથી ૧ જૂન ૨૦૨૪ દરમિયાન કુલ ૩૨૯ જી.એસ.ટી. બિલ મારફતે રૂ. ૯૫,૨૪,૧૩૪ નો મસમોટો ગ્રે કાપડનો જથ્થો ખટોદરા ખાતે મંગાવી લીધો હતો. ૪૫ દિવસની મુદત પૂરી થવા છતાં પેમેન્ટ ન મળતાં હાર્દિકભાઈ તપાસ કરવા પહોંચ્યા ત્યારે આરોપીઓની ઓફિસ અને ગોડાઉન બંધ હાલતમાં મળી આવ્યા હતા અને બંનેના મોબાઈલ નંબર પણ સ્વિચ ઓફ આવ્યા હતા. આ મામલે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી ખટોદરા પોલીસે દલાલ ભાવિન અને ટેક્સટાઈલ માલિક મહેન્દ્ર પ્રતાપસિંહ વિરુદ્ધ કાયદેસરની તપાસ હાથ ધરી છે.